ક્રમાંક : સીઓટી/આરટીઆઈ-૧૬૮/૨૦૧૩-૧૪
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી, 3663
બ્લોક નં ૬/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન,
સેકટર – ૧૦, ગાંધીનગર. તા.૨૪/૬/૨૦૧૩.

પ્રતિ,

24 JUN 2013

અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન,
૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર,
સ્વામીનારાયણ મંદિર સામે, શાહીબાગ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૪.

વિષય : જાહેર માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ માહિતી આપવા

સંદર્ભ : આપના પત્ર ક્રમાંક : એ.જી.ટી.ટી.એ./૨૦૧૩-૧૪/૧૯ તા.૨૧/૦૬/૧૩.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે સંદર્ભમાં ટાંકેલ પત્રથી માંગેલ રાજ્યમાં રોડ ઉપર નોંધાયેલ જુદીજુદી કેટેગરીવાળા વાહનો પાસેથી છેલ્લા ત્રણ વર્ષમાં (૨૦૧૦-૧૧, ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩) રોડ ટેક્ષની કુલ કેટલી રકમ વસુલ કરવામાં આવી તે પ્રમાણેની માહિતી જાહેર માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ માંગવામાં આવેલ છે. પ્રસ્તુત અરજી સાથે રૂપિયા ૧૦/-નો પોસ્ટલ ઓર્ડર (નં ૮૮ઈ૯૨૪૮૪) અને અરજી પર રૂપિયા ૨૦/-ની જયુડીશીયલ કોર્ટની સ્ટેમ્પીંગ કરી અત્રે રજૂ કરેલ છે ખરેખર આ બાબતે જણાવવાનું કે, રાજ્ય સરકારશ્રીએ જાહેર માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ માંગવામાં આવતી માહિતી સંદર્ભે રૂપિયા ૨૦/-ની ફી નિયત કરેલ છે. જેમાં માહિતી જયુડીશીયલ કોર્ટની સ્ટેમ્પીંગ કરેલી અરજીનો સમાવેશ થતો નથી. આથી આ સાથે આપની અસલ અરજી પરત કરવામાં આવે છે. તેમજ રાજ્યમાં રોડ ઉપર નોંધાયેલ જુદી જુદી કેટેગરીવાળા વાહનો પાસેથી છેલ્લા ત્રણ વર્ષમાં (૨૦૧૦-૧૧, ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩) રોડ ટેક્ષની કુલ રકમ વસુલ કરેલ રકમની માહિતી નીચે મુજબ છે.

| અનુ. નં. | વર્ષ | રોડ ઉપર નોંધાયેલ જુદી જુદી કેટેગરીવાળા વાહનો પાસેથી વસુલ કરવામાં આવેલ કુલ રોડ ટેક્ષ (રૂપિયા કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૦-૧૧ | ૧૯૨૩.૯૧ |
| ૨ | ૨૦૧૧-૧૨ | ૨૧૭૯.૯૯ |
| ૩ | ૨૦૧૨-૧૩ | ૨૧૮૮.૩૦ |

બિડાણ : ઉપર મુજબ

જાહેર માહિતી અધિકારી અને સંયુકત વાહન વ્યવહાર અધિકારી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર